# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ
### પ્રશ્નપત્ર-૧

**સમય : સવારે ૯ થી ૧૨**     **રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮**     **કુલ ગુણ : ૧૦૦**

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વડતાલ : ૩, ૫, ૧૧ ગઢડા અંત્ય પ્રકરણ : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**(વિભાગ: ૧ 'વચનામૃત' આધારે)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- ઉપરના જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણા અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. ઇન્દ્રિયો - અંતઃકરણ જીતવાના ઉપાયો (લો. ૫)**

જ. શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શાસ્ત્રે કરીને તો ભગવાન તથા સંત તેનું માહાત્મ્ય સમજવું અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઇંદ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે, 'આવી રીતે નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્યવાર્તા ન સાંભળવી,' ઇત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી. અને તે સંતે શીખાવી જે યુક્તિ તેને પોતાને વિચારે કરીને પોતાના કલ્યાણને અર્થે સવળી સમજીને માનવી ને તેમ વર્તવા લાગવું. એમ ત્રણે વાનાંએ કરીને ઇંદ્રિયો-અંતઃકરણ જિતાય છે''.

**૨. ચાર પ્રકારના મોટાપુરુષ (વર. ૩)**

જ. દીવા જેવા, મશાલ જેવા વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, મશાલ જેવા તેથી અધિક વિષયરૂપી વાયુએ કરીને ઓલાય, વીજળી જેવા માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને વડવાનળ અગ્નિ જેવા હોય તે સમુદ્રના જળે કરીને ઓલાતા નથી અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે. તેમ એવા જે મોટા પુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે.

**૩. સર્વે અર્થ સિદ્ધ થયાનો ઉપાય (અં. ૨)**

જ. અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, 'જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી.' તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.'

**૪. હડકાયા શ્વાનનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (અં. ૧૨)**

જ. ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય તેના ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય.

**૫. સોનાના દોરાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (અં.૨૧)**

જ. જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.

**પ્ર.૨ નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

> ☞ **નોંધ : (૧) અવતરણનો ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
> **(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. **(વર. ૫)**(૮)

૨. જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે. અને 'હું' તો દેહથી નોખો જે આત્મા તે છું. એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણમાત્ર આવે છે. **(લો.૬ )** (૪)

૩. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં જ દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. **(ગ.અં.૨૬)**(૨૩)

૪. દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે એ માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી, એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. **(ગ.અં. ૩૯)** (૨૭)

૫. જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. **(ગ.અં. ૭)**(૧૪)

**પ્ર.૩ નીચેના કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : (૧) અવતરણનો ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
> **(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. સત્પુરુષને વિષે પ્રીતિ : ૧. (વર. ૧૧)** માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (૯)

**૨. (વર. ૧૧)** પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ. (ગ્રંથમાંથી) **૩. (ગ.અંત્ય. ૧૧)** જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. (૧૭) **૪. (વર.૫)** એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (૮)

**૨. ભક્તિ : ૧.(વર. ૩)**એવી રીતે એ ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. (૭) **૨. (ગ.અં. ૯)** માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ. (૧૫) **૩. (ગ.અં. ૧૧)**વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે. (૧૬)
**૪. (વર. ૩)**એવી રીતે એ ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. (૭)

> **નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**
> **(૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ પ્રશ્ન-૨, પ્રશ્ન-૩ પ્રશ્ન-૪ અને પ્ર-૫ માં સરખી જ લાગુ પડશે.**

(વિભાગ : ૨ 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃતિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. તમાકુ અને ધૂમ્રપાનથી થતું નુકસાન : (૨૬ થી ૨૯)**

**૧.** પૂર્વભૂમિકા - વિપરીત અસરોની જાણકારી **૨.** હાનિકારક નિકોટીન તત્ત્વ **૩.** ધૂમ્રપાનથી થતુ નુકસાન **૪.** ધૂમ્રપાન અર્થાત્ વિષપાન. શરીરના તમામ કોષોને પ્રભાવિત કરે છે. **૫.** નિકોટીનથી થતો રક્તકણોનો નાશ **૬.** પ્રાણઘાતક રોગોને આમંત્રણ **૭.** ધૂમ્રપાનથી થતી અનેક ખુવારી

**૨. બ્રહ્મચર્ય ભંગના કારણો : (૪૮ થી ૫૦)**

**૧.** પૂર્વ ભૂમિકા **૨.** આહારમાં અવિવેક **૩.** શૃંગાર **૪.** કુસંગ **૫.** કુવિચાર **૬.** કુચર્ચા **૭.** સિનેમા **૮.** અનિયમિતતા **૯.** આત્મદોષ **૧૦.** ઘરનું વાતાવરણ **૧૧.** અસંયમ

**૩. મૂર્તિરૂપે અર્ચાસ્વરૂપનું સુલભપણું : (૮૯ થી ૯૨)**

શિક્ષાપત્રી ૧૨૧ માં શ્લોકમાં 'મતં વિશિષ્ટાદ્વૈતં મે' એમ કહીને શ્રીજીમહારાજે કહ્યું કે વિશિષ્ટાદ્વૈત મત મને ઘણો પ્રિય છે. માટે એ મતના સ્થાપક રામાનુજાચાર્યે મૂર્તિપૂજા અંગે ભગવાનનાં પાંચ સ્વરૂપ બતાવ્યા છે.

**૧.**પર સ્વરૂપ : અપ્રાકૃત દિવ્ય વૈકુંઠલોકમાં સદા વિરાજમાન, સદા સાકાર, રાધા-લક્ષ્મી વગેરે નિત્ય મુક્તો અખંડ ભક્તોથી સેવાયેલા આવા ભગવાન કદાપિ પૃથ્વી પર આવતા નથી. મનુષ્યોના ઈન્દ્રિય અંતઃકરણથી અગોચર છે. શ્રીજીમહારાજ કહે છે ભગવાન સર્વે નિયમોના બંધનથી પર છે તેથી સંકલ્પ કરે છે ત્યારે ત્યાં ધામમાં રહ્યા થકા અન્ય સ્વરૂપે પૃથ્વી પર જઈ શકે છે. આ મનુષ્યમૂર્તિને ધામની મૂર્તિ એક જ છે. **૨.** વ્યૂહ સ્વરૂપ : ઉત્પતિ, સ્થિતિ અને સંહાર માટે વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન એ ચાર સ્વરૂપ નામરૂપ નથી, ચતુર્વ્યૂહરૂપે ભગવાનનું વ્યૂહ સ્વરૂપ છે. **૩.** વિભવ સ્વરૂપ : દેવ મનુષ્યાદિ સજાતીયરૂપે તે તે નામથી ધારણ કરાયેલો અવતારવિશેષ શ્રીજીમહારાજના મત અનુસાર અવતારમાત્ર પરબ્રહ્મ-પુરુષોત્તમના અનુપ્રવેશથી જ થાય છે અને પુરુષોત્તમ અવતારી કહેવાય છે. **૪.** અંતર્યામી સ્વરૂપ : જડ અને ચેતન ઊભયમાં સાક્ષીરૂપે હૃદયમાં નિવાસ કરી રહેલા પરબ્રહ્મ અંતર્યામી તરીકે ઓળખાય છે. શ્રીજીમહારાજ કહે છે : જીવો, ઈશ્વરો તથા મુક્ત અને અક્ષરપર્યંત સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિથી અંતર્યામીરૂપે સાક્ષીરૂપે પરમાત્મા સ્વયં રહેલા હોય છે. **૫.** અર્ચાસ્વરૂપ : અર્ચા એટલે પૂજા. એના માટે થયેલો અવતાર એ અર્ચાવતાર એટલે કે મૂર્તિઓનું બીજું નામ એટલે 'અર્ચાવતાર'. **૬.** શ્રીજીમહારાજના મત અનુસાર ભગવાન કે ભગવાનના ધારક સંતે આપેલ અને વિધિપૂર્વક સ્થાપેલ ચિત્ર-પાષાણાદિકની મૂર્તિમાં ભગવાન સ્વયં અનુગ્રહથી નિવાસ કરી ભક્તોના મનોરથ પૂરા કરે છે. **૭.** રામાનુજ મતાનુસાર અર્ચા સ્વરૂપની વિશેષતા એ છે કે પોતાના ભક્તના લાડકોડ પૂરા કરવાનું કાર્ય, પર, વ્યૂહ તથા વિભવ સ્વરૂપે ન થઈ શક્યું તેથી અર્ચા સ્વરૂપ ધારણ કર્યું. **૮.** આ સ્વરૂપ અર્ચક જે ભક્ત તેને સંપૂર્ણ આધીન અને પરતંત્ર રહીને મંદિરમાં કે ઘરમાં પ્રતિમારૂપે વિરાજેલા છે. **૯.** પોતે સર્વ શક્તિમાન હોવા છતાં સર્વ સહિષ્ણુ થઈ પૂજા દરમ્યાન પોતાના ભક્તના અપરાધો જોતા નથી. **૧૦.** પોતાની દૈનિક ક્રિયાઓ ભક્તને આધીન રાખે છે. **૧૧.** અર્ચારૂપે પરમાત્માનું એક જ કાર્યઃવિમુખ જનના દોષ ન જોતાં તેને પોતાને શરણે લઈ તેના સર્વ મનોરથ પૂરા કરવા એ જ. **૧૨.** અર્ચાવતારસ્સર્વેષા બાન્ધવો ભક્તવત્સલ. અર્થાત્ પોતે ભક્તના સ્વામી હોવા છતાં સર્વ શક્તિમાન હોવા છતાં, સેવકની જેમ પરાધીન અશક્ત - અસમર્થ, સર્વતંત્ર સ્વતંત્ર હોવા છતાં, પરતંત્ર થઈને રહે છે. **૧૩.** ભગવાન સ્વયં સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાની માફક સર્વ સહિષ્ણુ, રહી નિરવધિ કરૂણા વડે ભક્તોની ઈચ્છા પૂરી કરે છે. **૧૪.** રામાનુજ મત અનુસાર પણ બીજા સ્વરૂપો કરતા અર્ચાસ્વરૂપએ પોતામાં રુચિ ઉપજાવવાપણું, સુલભપણું ને ભક્તના દોષ ન જોનારૂં એવું સ્વરૂપ હોવાથી ભક્તને પ્રથમ સેવાપૂજાનો અધિકાર અર્ચાસ્વરૂપ માટે જ છે. **૧૫.** બધાએ ધામમાં રહેલા ભગવાનની જ સેવા, પૂજા, અર્ચા કરવાની છે. પરંતુ આપણે માયાવેષ્ટિત હોવાને કારણે તે સીધો 'પર' સ્વરૂપની સેવાનો અધિકાર મળતો નથી. **૧૬.** મૂર્તિની પૂજાથી જેમ જેમ આપણાં પાપ ધોવાતાં જાય છે તેમ તેમ તે કર્મથી વિભવ, વ્યૂહ, પરને અંતર્યામીની ઉપાસનાથી ઉત્તરોત્તર અધિકાર મળે છે. આમ, અપ્રાકૃત-દિવ્ય 'પર' સ્વરૂપની સેવાના અધિકારી થવા માટે મૂર્તિપૂજા એ પ્રથમ પગથિયું છે.

(વિભાગઃ ૩ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ -૨૦૦૫ના આધારે)

(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧,૧૪,૧૭,૧૯,૨૦,૨૫,૨૬,૨૮)

(ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૪, ૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)

**પ્ર.૫ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. શ્રીહરિના એક પત્ર દ્વારા અઢાર હરિભક્તોનો ગૃહત્યાગ :**

| | | |
|---|---|---|
| ૧. | ભાદરાથી બે પત્રો લખ્યા - સુંદરજી સુથારનું માન | ૨/૨૯૧ |
| ૨. | સૌરાષ્ટ્રના જાણીતા દરબારો પરમહંસ થવા નીકળે છે | ૨/૨૯૨ |
| ૩. | ઘર તો હવે સળગી ગયું - મીંઢળબંધો ભાણો - કલ્યાણદાસે સંસારના બંધનનો ત્યાગ કર્યો | ૨/૨૯૩ |
| ૪. | જે તારે એ જ સાચા સગા માતા-પિતાએ કલ્યાણદાસનું કાંડું મામા અજા પટેલને સોપ્યું. | ૨/૨૯૪ |
| ૫. | પરમહંસ ભયે મતવાલે | ૨/૨૯૬ |
| ૬. | ભૂજમાં નવા પરમહંસોના આગમનના સમાચાર | ૨/૩૦૧ |
| ૭. | મહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે. | ૨/૩૦૨ |
| ૮. | સુંદરજીભાઈની અંતર્દૃષ્ટિ | ૨/૩૦૩ |
| ૯. | નવા પરમહંસોના નામ | ૨/૩૦૪ |
| ૧૦. | મહારાજે કહેલો નવા પરમહંસોનો મહિમા | ૨/૩૦૫ |
| ૧૧. | ત્યાગનું સાચું સ્વરૂપ - મહારાજે કરેલી જ્ઞાનવાર્તા | ૨/૩૦૫,૩૦૬ |

**૨. શ્રીહરિના અહિંસક યજ્ઞો અને અક્ષરબ્રહ્મની ઓળખાણ :**

**અહિંસક યજ્ઞો :**

| | | |
|---|---|---|
| ૧. | જેતલપુરમાં મહારુદ્રની તૈયારી. | ૨/૪૧૨ થી ૪૧૪ |
| ૨. | બંસીધર સાથે શાસ્ત્રાર્થ. | ૨/૪૨૪ થી ૪૨૫ |
| ૩. | યજ્ઞમાં વિઘ્ન નાંખવાના પ્રયત્નો. | ૨/૪૨૬ થી ૪૨૯ |
| ૪. | ડભાણ યજ્ઞ માટેની સામગ્રી કેવી રીતે આવી ? | ૩/૫૦-૫૧ |
| ૫. | ડભાણ યજ્ઞનો પ્રારંભ. | ૩/૫૧ |
| ૬. | આટલી બધી સામગ્રી મોકલે છે કોણ ? | ૩/૫૩ |
| ૭. | વામી બ્રાહ્મણોના મનસૂબા અધૂરા રહ્યા. | ૩/૫૮ થી ૫૯ |
| ૮. | સ્વામિનારાયણીય ભક્તિ. | ૩/૫૯ |

**અક્ષરબ્રહ્મની ઓળખાણ :**

| | | |
|---|---|---|
| ૧. | આ મૂળજીમાં મીઠાશ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. | ૨/૨૮૨ |
| ૨. | અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટા મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. | ૨/૨૮૨,૨૮૩ |
| ૩. | આજે શરદપૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. | ૨/૨૮૩ |
| ૪. | મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. | ૨/૨૮૫,૨૮૬ |
| ૫. | અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. | ૨/૨૮૬ થી ૨૯૦ |
| ૬. | ડભાણ યજ્ઞમાં અનાદિ અક્ષરબ્રહ્મને ભાગવતી દીક્ષા આપતાં મહારાજે આપેલી ઓળખાણ | ૩/૬૫ થી ૬૭ |

**૩. અપમાન અને રાગદ્વેષના પ્રસંગોમાં શ્રીહરિની અધ્યાત્મસ્થિતિ અને ઐશ્વર્ય :**

| | | |
|---|---|---|
| ૧. | પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. | ૨/૨૬૦ - ૨૬૧ |
| ૨. | તુમ ક્યા જીવનમુક્તા હૈ ? 'તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો.' | ૨/૩૦૭ |
| ૩. | જગજીવન મહેતા | ૨/૩૦૯ |
| ૪. | મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા. | ૨/૩૧૦ થી ૩૧૩ |
| ૫. | પેશ્વાના સૂબાનું કાવત્રું | ૨/૪૪૦ થી ૪૪૩ |
| ૬. | વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. | ૨/૪૬૧ થી ૪૬૨ |
| ૭. | જગજીવનનો ક્રોધાગ્નિ ભડકે બળે છે. | ૩/૨૩ |
| ૮. | જગજીવન ગંગારામ મલ્લને ત્યાં આરબ મોકલે છે. | ૩/૨૭ |
| ૯. | મહારાજ વીસનગરમાં | ૩/૧૨૨ થી ૧૨૪ |
| ૧૦. | વાસૂરખાચરની ડેલીએ | ૩/૧૩૨ |
| ૧૧. | આણંદમાં વિરોધનો વંટોળ | ૪/૪૮ થી ૫૩ |
| ૧૨. | બાબાજી દીવાન મૃત્યુ પામે છે. | ૪/૫૫ |

**પ્ર.૬ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. લોલંગર બાવાની ઉપાધિ :**

| | | |
|---|---|---|
| ૧. | અહીં નરમેધ થશે. મહારાજે કરેલી આગાહી. લોલંગરે છૂટા મૂકેલા તેના બાવાઓ | ૨/૪૬૩ |

૯૦૧

૨. લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ ૨/૪૬૪
૩. લાલદાસ ગોરાએ છોડાવેલા ચાર સાધુ ૨/૪૬૫
૪. લોલંગર બાવાનો શિકાર બનતા મુક્તાનંદ સ્વામી ૨/૪૬૭
૫. 'આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ.' મુક્તાનંદ સ્વામીને મારેલા મારથી મહારાજે કરેલો સંકલ્પ. ૨/૪૬૮,૪૬૯
૬. સાધુઓને સુરત મોકલ્યા. ૨/૪૬૯-૪૭૧
૭. આજે ખાંડાના ખેલ ખેલવાના છે. ૨/૪૭૧
૮. ચાર પાડ્યા ચોકમાં. ૨/૪૭૨
૯. સાચી અહિંસા ૨/૪૭૩

**૨. આણંદમાં શાપને બદલે આશીર્વાદ :**

૧. સામરખામાં આણંદના હરિભક્તો મહારાજને આમંત્રણ આપવા આવ્યા. ૪/૪૬
૨. દ્વેષી લોકો ઉપાધિ કરશે તેવું મહારાજે કહ્યું છતાં ભક્તોનો હઠાગ્રહ ૪/૪૭
૩. મહારાજે કરેલી સભા - ક્ષમારૂપી ખડગથી ભૂમિનો ભાર ઉતારવાની આગાહી ૪/૪૭
૪. મુકુંદાનંદવર્ણી કરેલી આગાહી ૪/૪૮
૫. વલ્લભ મંદિરના કારભારીઓ દ્વારા વિરોધનો વંટોળ ૪/૪૮
૬. ગામમાં પેસતાં પહેલાં મહારાજે કરેલી વ્યૂહ રચના ૪/૪૯
૭. સંતો સ્થિતપ્રજ્ઞ સ્થિતિ ૪/૫૦
૮. 'કોઈ પણ જો શસ્ત્રનો ઉપયોગ કરશે, તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે' મહારાજની હાકલ ૪/૫૦
૯. ભગુજીનો શાપ ૪/૫૦
૧૦. વરતાલ સભામાં મહારાજ 'આજે આપણે સૌ જીતીને આવ્યા' ૪/૫૧
૧૧. મહારાજે આપેલી ધીરજ અને જ્ઞાનનું જાણપણું આપી દીધું. ૪/૫૨

**૩. શાંતિનો ઉપાય - ચરિત્રો :**

૧. અંતરનું નિરાકરણ કરવા માટે મુક્તાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન : 'શાંતિ કેમ થાય ?'' ૩/૩૬૩
૨. મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી મહારાજને થયેલું આશ્ચર્ય. ૩/૩૬૩
૩. મહારાજે પોતાના જન્મથી લઈને અનેક પ્રકારના ચરિત્રોની વાત કરી. ૩/૩૬૪
૪. નિત્યાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન :- 'તમારા દર્શનથી મહારાજને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી. ૩/૩૬૪
૫. મુક્તાનંદ સ્વામીનો ફરીથી એ જ પ્રશ્ન મહારાજને. ૩/૩૬૪
૬. મહારાજની ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા. ૩/૩૬૪
૭. નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે ચર્ચા - 'શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે.' મહારાજના ચરિત્રો ગાવા ને સાંભળવા તેમાં જ શાંતિ છે. - મુક્તાનંદ સ્વામી દૂર થયેલી અશાંતિ. ૩/૩૬૫
૮. મહારાજને બંને સદ્‌ગુરુઓ રાત્રે જ ફરીથી મળ્યાં. - મહારાજે આપેલો બોધ. ૩/૩૬૫

**૪. રૂપરામ ઠાકરની બળતરા - સ્વભાવ દોષ. (૩૯ થી ૪૩)**

૧. મહારાજ ઉમરેઠમાં. ૪/૩૮
૨. સર્વે બ્રાહ્મણો વૈષ્ણવ જ છે. ૪/૩૯
૩. અમારા દેશમાં રસમાં ખાંડ નાખવાનો ચાલ નથી. ૪/૪૧
૪. સ્વામી ! રસ કેવો ? ૪/૪૧
૫. ગુણાતીતાનંદ સ્વામી અને તદ્રુપાનંદ સ્વામીએ બે કલાક સુધી ઝીલણીયા કીર્તન ગવડાવ્યા. ૪/૪૨
૬. રૂપરામ ઠાકરને અંતરમાં બળતરા - 'આખો જન્મારો ખાંડ ન ખાવી' નો સંકલ્પ ૪/૪૩

❑ ❑ ❑